દહેગામ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ દ્વારા ખેડૂત શિબિર અને કૃષિ મહોત્સવ ઉજવાયો

દહેગામ, તા. ૨૪

દહેગામ શહેરની નજીક આવેલ પાલૈયા ગ્રામ પંચાયતની હદમાં આવેલ નિલકંઠ મહાદેવના મંદિર ખાતે કૃષિમહોત્સવ ઉત્પન્ન બજાર સમિતિ દ્વારા આજરોજ કરવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામની શરૂઆત ગૃહ રાજયમંત્રી રજનીભાઈ પટેલના હસ્તે દિપ પ્રાગટ્ય કરી ખુલ્લુ મુકવામાં આવી હતી. આ શિબિરમાં વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના સચિવ હેદરે જણાવ્યું હતું કે રાજયના ખેડૂતો પરંપરાગત કૃષિ પદ્ધતિમાંથી બહાર આવીને વૈજ્ઞાનિક ઢબે ખેતી કરવા લાગ્યા છે. જયારે દાંતીવાડા યુનિવર્સિટીના કૃષિ વૈજ્ઞાનિક ડોડીયાએ ખેતીમાં અવનવા પ્રયોગો કરવા અને વધુ સારો પાક કેમ મેળવવા તે અંગે ખેડૂત મિત્રઓને માર્ગદર્શન આપ્યું હતું.

આ શુભ પ્રસંગે પાલૈયા અને સાંપા ગામના ૪ ખેડૂતમિત્રોને સહાય ચેકનું વિતરણ અને પાંચ ગામના ૩૬ ખેડૂત મિત્રોને કૃષિ અને પશુપાલન કિટ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું.



આ શિબિરમાં ઉપસ્થિત મહેમાનોમાં સમારંભના પ્રમુખ રજનીકાન્તભાઈ પટેલ, રાજ્યકક્ષાના ગૃહમંત્રી, કલ્યાણસિંહ ચૌહાણ પૂર્વ ધારાસભ્ય, દહેગામ, નૈલેષભાઈ શાહ, પ્રમુખ, ગાંધીનગર જિલ્લા ભાજપ, રમણજી ડી. ઠાકોર, પ્રમુખ તાલુકા પંચાયત, દહેગામ, વિનોદચંદ્ર એચ. પટેલ, ડિરેક્ટર, એ.ડી.સી. બેન્ક દહેગામ, ચંદ્રેશભાઈ પટેલ પ્રમુખ તાલુકા ભા.જપ. રાજેન્દ્ર આર. શાહ, ડિરેક્ટર, એ.ડી.સી. બેન્ક, દહેગામ, હરિભાઈ પટેલ તા. જિ. કિસાન સંઘ, દહેગામ, ભાવેશભાઈ એન. પટેલ વા.ચે. ગાંધી. જી.ખ.વે.સંઘ. કે.કે. પટેલ જિલ્લા ખેતીવાડી અધિકારી, ભાર્ગવભાઈ પટેલ મામલતદાર, દહેગામ, તુષારભાઈ જાની, તા.વિ. અધિકારી, ગુલાબસિંહ પી. ઝાલા ચેરમેનશ્રી ખ.વે.સં. દહેગામ, તેમજ દહેગામ ખેતિવાડી ઉત્પન્ન બજાર સમિતિના ચેરમેન ગુમેરૂભાઈ અમીન, વા. ચેરમેન, નંદુભાઈ કે. પટેલ તેમજ સેક્રેટરી યતિનભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા.

ફતેપુર ગામે સંતશ્રી ભોજલરામ બાપા પ્રાગટ્ય મહોત્સવ ઉજવાશે

સમારોહના અધ્યક્ષ સ્થાને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી હાજરી આપશે : ભોજા ભગતના સ્મૃતિ ચિહ્નોનું પૂજન, ધર્મસભા, ધ્વજારોપણ, રક્તદાન કેમ્પ, રક્ત તુલ્લા, ભજન સંતવાણી કાર્યક્રમો યોજાશે

ગાંધીનગર, તા. ૨૪

'ભોજલધામ' ફતેપુર ગામે પ્રાતઃસ્મરણીય પૂજ્ય ભોજલરામ બાપાનો ૨૨૮મો પ્રાગટ્ય મહોત્સવ વૈશાખી પૂર્ણિમાના પાવન દિને તા. ૨૫મે-૨૦૧૩ને શનિવારના રોજ 'શ્રી ભોજાભગત ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી ધામધૂમથી ઉજવવામાં આવશે.

ધરના ધામ તણાં આ ભોજલધામમાં પૂજ્ય ભોજલરામ બાપાનો ૨૨૮મો પ્રાગટ્ય મહોત્સવ ધામધૂમપૂર્વક ઉજવાઈ રહ્યો છે. દેશ/વિદેશના લાખો ધર્મ પ્રેમી શ્રદ્ધાળુઓને પ્રેમ, ભક્તિ અને શ્રદ્ધાનો પ્રસાદ ચખાડે છે. આ મહોત્સવમાં મુંબઈ, વાપી, સુરત, અમદાવાદ, રાજકોટ, ગોંડલ, જુનાગઢ, જામનગર, ભાવનગર તથા અમરેલી જિલ્લાના ઉદ્યોગપતિઓ તથા આગેવાનો અને સંતો મહંતો ખાસ હાજરી આપશે તથા મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી ખાસ હાજરી આપશે. તેમજ પ્રસંગોચીત જનમેદનીને સંબોધન કરશે.

પૂજ્ય ભોજલરામ બાપાનો ૨૨૮મો પ્રાગટ્ય મહોત્સવના કાર્યક્રમમાં દર વર્ષની જેમ પ્રભાતે ૬.૦૦ કલાકે પૂ. ભોજા ભગતના સ્મૃતિ ચિન્હોનું પૂજન, સવારના ૯.૦૦ કલાકે રક્તદાન કેમ્પનું ઉદ્‌ઘાટન, ત્યાર બાદ સવારના ૯.૩૦ કલાકે ચરણપાદુકાના દેવળ પર ધ્વજારોપણ, ત્યાર બાદ બપોરના ૧૨.૦૦ કલાકે ભોજન પ્રસાદ, સાંજના ૪.૦૦ કલાકે મુખ્ય સભામાં મંડલેશ્વર શ્રી૧૦૦૮ પૂ. હરીચરણદાસ મહારાજ- રામજી મંદિર, ગોંડલ, પૂ. શ્રી વિજયબાપુ-મહંતશ્રી સતાધાર, પૂ. શ્રી શેરનાથબાપુ-ભવનાથ, જૂનાગઢ પૂ. શ્રી શાસ્ત્રી સ્વામી વિશ્વબીહારી-ગુરૂકુળ,વિરપુર, પૂ. શ્રી ભોળાદાસ બાપુ-તુલશીશ્યામ વિગેરે સંતો મહંતો હાજરી આપશે તથા દિવ્ય વાણીનો લાભ આપશે ત્યાર બાદ સાંજના ૮.૩૦ ભોજન પ્રસાદ લિધા બાદ રાત્રીના ૮.૦૦ કલાકે ભજન સંતવાણી જેમા પ્રસિદ્ધ કલાકારો ભજન સંતવાણીનો લાભ આપશે.

પૂજ્ય ભોજલરામ બાપાનો ૨૨૮મો પ્રાગટ્ય મહોત્સવના પાવન અવસરે અનોખો સેવાયજ્ઞ 'રક્તદાન કેમ્પ'નું આયોજન કરવામાં આવેલ છે. જેમાં દરેક રક્તદાતા ભાઈઓ તથા બહેનોને આકર્ષક ભેટ પ્રસાદી રૂપે આપવામાં આવશે. તથા સાંજના ૫.૩૦ વિઠ્ઠલભાઈ રાંદડીયા-પૂર્વ સાંસદશ્રી - પોરબંદરની રક્ત તુલ્લા કરી સન્માનિત કરવામાં આવશે તથા પૂ. શ્રી મનજીદાદા ગુરૂ આશ્રમ-બગદાણાની સાકર તુલ્લા કરી સન્માનીત કરવામાં આવશે.

પૂજ્ય ભોજલરામ બાપાનો ૨૨૮ મોપ્રાગટ્ય મહોત્સવનું જીવંત પ્રસારણ લાઈવ **www.bhojaldham.org** ઉપર કરવામાં આવશે. ભજન સંતવાણીના રાત્રીના કાર્યક્રમમાં પ્રસિદ્ધ ભજન કલાકાર મનસુખભાઈ વસોયા, ખીમજીભાઈ ભરવાડ, અલ્પા પટેલ, તુલસી કાપડી, સુરેશ પટેલ (ઢોલકી) ભજન સંતવાણીનો લાભ આપશે.

શિક્ષણને સ્પર્શતા પડતર પ્રશ્નો અંગે કેન્દ્ર સમક્ષ ગુજરાત સરકારની રજુઆત

ગાંધીનગર, તા.૨૪

કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને ઘણું ઓછું બજેટ ફાળવવામાં આવતું હોવાથી પ્રાથમિક શિક્ષણ માટે છેલ્લા ચાર વર્ષ દરમિયાન રાજય સરકાર દ્વારા થયેલ ખર્ચ કુલ ખર્ચના ૮૯ ટકા છે જયારે કેન્દ્ર સરકારે સર્વ શિક્ષા અભિયાન હેઠળ ફકત રૂ. ૨૩૬૦ કરોડ આપેલ હતાં જે કુલ ખર્ચના માત્ર ૧૧ ટકા જ છે. આ પ્રશ્નનો ઉકેલ લાવવા રાજય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ રજુઆત કરી છે.

ગુજરાતને સ્પર્શતા કેન્દ્ર સરકારના પડતર પ્રશ્નોની યાદી માટે તૈયાર કરાયેલી પુસ્તિકામાં આ પ્રશ્ન રજુ કરાયેલો છે. માનવ સંશાધન વિકાસ મંત્રાલય દ્વારા પ્રોજેકટ એપ્રુવલ બોર્ડની મીટીંગમાં દરેક રાજયનું બજેટ મંજુર કરવામાં આવે છે. અન્ય મોટા ભાગના રાજયોને ટીચર્સ સેલેરી ફી ટેક્ષ બુક યુનિફોર્મ તેમજ સિવિલ વર્કસ માટે એસએસએની શરૂઆત અર્થાત વર્ષ ૨૦૦૧-૦૨થી જ ઘણી મોટી રકમનું બજેટ મંજુર કરવામાં આવે છે. પરંતુ ગુજરાતને આ યોજનાનો લાભ આપવામાં આવતો નથી. છેક વર્ષ ૨૦૦૯-૧૦થી ફી ટેક્ષ બુકના બદલે સંદર્ભ સાહિત્ય માટે બજેટ અપાય છે અને આર.ટી.ઈ.ના કારણે નવા વધારાના શિક્ષકો માટે વર્ષ ૨૦૧૦-૧૧થી ટીચર્સ સેલેરી મળે છે.

ગુજરાતને શરૂઆતથી જ મુખ્ય એવી ઉપરોકત પ્રવૃત્તિ માટે બજેટ ન મળવાને કારણે તેમજ સિવિલ વર્કસમાં મહત્તમ ૩૩ ટકાની મર્યાદાના કારણે અન્ય મોટા રાજયોની સરખામણીમાં ગુજરાતને ઘણી ઓછી રકમનું માથાદીઠ બજેટ મંજુર કરવામાં આવે છે. આમ કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને ઓછું બજેટ ફાળવવામાં આવતું હોવાથી પ્રાથમિક શિક્ષણ માટે વર્ષ ૨૦૦૯-૧૦થી ૨૦૧૨-૧૩ દરમિયાન ગુજરાત સરકાર તરફથી કુલ ૧૯૫૩૩ કરોડનો ખર્ચ કરેલ હતો. જે કુલ ખર્ચના ૮૯ ટકા છે. જયારે કેન્દ્ર સરકારે સર્વ શિક્ષા અભિયાન હેઠળ ફકત ૨. ૨૩૬૦ કરોડ આપેલ હતાં જે કુલ ખર્ચના માત્ર ૧૧ ટકા જ છે.

રાજય સરકારની કાળજી ગુજરાત સરકારે સર્વ શિક્ષા અભિયાન અમલ શરૂ થયો તે પહેલા અર્થાત વર્ષ ૨૦૦૧-૦૨ પહેલાથી પણ ઘણી મોટી સંખ્યામાં પ્રાથમિક શિક્ષકોની ભરતી કરેલ હતી પાત્ર બાળકોને યુનિફોર્મનો લાભ આપવામાં આવ્યો હતો તેમજ ફી ટેક્ષ બુકની સગવડ રાજયના ૧૦૦ ટકા ભંડોળમાંથી આપવામાં આવતી હતી. રાજય સરકારની વિનંતી ગુજરાતે પ્રાથમિક શિક્ષણનો ૮૯ ટકા જેટલો ઘણો મોટો બોજ વહન કરવો પડે છે. જેથી વર્ષ ૨૦૦૧-૦૨થી ટીચર્સ સેલેરી ફી ટેક્ષ બુક સિવિલ વર્કસ તેમજ યુનિફોર્મ માટે ગુજરાતના ભંડોળમાંથી કરેલ ખર્ચનું રીકુપમેન્ટ મળવું જોઈએ તેમજ વર્ષ ૨૦૧૨-૧૩થી આ તમામ ખર્ચનો એસએસએમાં સમાવેશ કરવો જોઈએ.

સૌરાષ્ટ્ર કચ્છ સમાજ દ્વારા ૨૬મીએ નાટક યોજાશે

ગાંધીનગર, તા.૨૪

સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા ટાઉનહોલમાં 'ખુશાલીનો વન્સમોર' નાટક રજૂ થશે. ગાંધીનગરની સંસ્થા સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા માત્ર સંસ્થાના સભ્યો માટે ૨૬મી મે ૨૦૧૩ના રોજ ટાઉન હોલ, સેકટર-૧૭ ખાતે હાસ્યથી ભરપુર નાટક 'ખુશાલીનો વન્સમોર' નાટક રાખવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં નવા વર્ષનું સભ્યપદ મેળવવા માટેની વ્યવસ્થા પણ કરવામાં આવશે. જેનો સભ્યજનો લાભ લઈ શકશે તેમ સંસ્થાના અગ્રણી જીલુભા ધાધલે જણાવ્યું છે.

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District
VINAYAK500™
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

મહિલા સશકિતકરણનો અનોખો સેવાયજ્ઞ એટલે જયા-વિજયા મહિલા સ્વાલંબન કેન્દ્ર

જયા-વિજયા મહિલા સ્વાવલંબન કેન્દ્ર એ કચ્છના અબડાસા તાલુકામાં મહિલા સશકિતરણનો અનોખો સેવા યજ્ઞ ચલાવતું કેન્દ્ર છે.

અહિં સુખનો અનોખો અનુભવ મહિલાઓ તેમના સ્વાભિમાની જીવનનો કરે તે જ સિદ્ધાંતને લઈ જીવન શિક્ષણના પાઠ ભણાવવામાં આવે છે. અહિં કદાચ પાઠયપુસ્તક આધારિત શિક્ષણ નહિ પણ સંસ્કાર આધારિત ખુમારી અને ખુદ્દારીના પાઠ ભણાવાય છે.

મહિલાઓ માત્ર ઘરમાં જ રહે તેવી માન્યતા કરતાં લગ્નજીવનમાં અર્થ-કામમાં સહભાગીદારીતા કેવી રીતે કેળવી શકાય-ગૃહજીવનને કેવી રીતે વધુ માધુર્યુભર્યું બનાવી શકાય તેવી વાતો અને શિક્ષણ અપાય છે.

ભરત-ગુંથણ કે ખાખરા બનાવવાથી લઈ કોમ્પ્યુટર સુધીનું આધુનિક શિક્ષણ આ કેન્દ્રમાં વણી લેવાયું છે. આ ગામના આ કેન્દ્રમાં રાષ્ટ્રીય પર્વની ઉજવણીનો પ્રસંગ પણ એટલા ધામધૂમથી ઉજવાય છે જીવનમાં સંઘર્ષથી ડગી ના જવાય તે માટે સ્વાવલંબનના અનોખા સંસ્કારોનું જતન કરતું આ કેન્દ્ર એ માનવતાની દિશામાં એક નવું ઐતિહાસિક કદમ છે.

મહિલા સશકિતકરણ માટે સખી મંડળોની રચના અને બેંક લિંકેજીસ મેળવી કેશ ક્રેડિટ મદદથી સ્વનિર્ભર બનાવવાની સરકારની વાતોથી તદ્દન નોખી વાત અહિં કરવામાં આવે છે એટલે જ કદાચ આ કેન્દ્રનું આજે પણ અસ્તિત્વ છે અને કચ્છની ખુમારી અને ખમીરીનું પ્રતિબિંબ આ કેન્દ્રમાં જોવા મળે છે.

કચ્છ-અબડાસાના તેરા ગામે ગ્રામિણ મહિલાઓને સંસ્કારલક્ષી શિક્ષણ, સ્વાલંબન માટેની ગૃહ ઉદ્યોગની પ્રવૃત્તિઓ અને સદ્‌વાંચન વિસ્તારની પાવન પ્રવૃત્તિઓનો અનોખો ત્રિવેણી સંગમ

મહિલા સશકિતકરણના અનોખા કેન્દ્રની સ્થાપનાનો વિચાર જયાબેન ઝવેરીએ તેમના જીવનની અંતિમ પળોમાં તેમના પરિવારજનો સામે વ્યકત કર્યો અને દસ વર્ષ પૂર્વે તેનો પ્રારંભ થયો.

જયાબેન ઝવરી અને તેમના માતા વેજબાઈની ખુદ્દારી અને ખમીરીની એક અણમોલ મિશાલ આ ગામમાં જગાવી છે તેમાં બે મત નથી. જીવ ગામડાનો અને સંસ્કારો અને શિક્ષણમાં સૌને મહાત કરે તેવી ખુમારીનું અહિં જતન થાય છે.

સાદગીસભર જીવન અને ઉચ્ચવિચારો થકી તમારા જીવનનો પથ

કંડારો એટલું જ નહિ સ્વાવલંબન એટલે કે કરકસર એ સાચા અર્થમાં બીજો ભાઈ છે તેવું મહત્વનું શિક્ષણ આ કેન્દ્રના પાયામાં રહેલું છે.

આ કેન્દ્રમાં લાયબ્રેરી ચાલે છે તેમાં ૪૦૦૦થી પણ વધુ પુસ્તકો છે. આ લાયબ્રેરી પણ કેટલી અદભુત તમારે લાયબ્રેરીમાં જવાની જરૂર નહિ. લાયબ્રેરીનો કર્મચારી સપ્તાહમાં એક વખત તમારે ઘરે આવે તમને ગમતી ચોપડી વાંચન માટે આપી જાય ને પાછી પણ લઈ જાય. છાપાનું વાંચન પણ કરવા મળે તો સામાહિકો અને માસિકોનું વાંચન કરી શકો તેવી

સુવિધા પણ આ લાયબ્રેરીમાં ઉપલબ્ધ છે.

ઐતિહાસિક, પ્રાકૃતિક અને રમણીય આ તેરા ગામમાં વસ્તીનું પ્રમાણ કદાચ ઓછું હશે પણ એની વિરાસત સમુ આ જયા-વિજયા કેન્દ્ર એ તીર્થ છે.

જયા-વિજયા વિશે ગુજરાતી સાહિત્યકાર દિલીપ રાણપુરાએ આખે આખું પુસ્તક 'સુખનું નામ' લખ્યું છે એટલે વધુ કહેવું કે લખવું એ આ બે દિવ્ય આત્માઓને અન્યાય કરવા જેવું છે.

જયા-વિજયા કેન્દ્રના દશાબ્દી પર્વની ઉજવણી તાજેતરમાં તેરા ખાતે થઈ તેમાં પૂર્વ મુખ્યમંત્રી સુરેશ મહેતા, પૂર્વ નાણાં મંત્રી બાબુભાઈ શાહ, છબીલ પટેલ-ધારાસભ્ય શ્રી અબડાસા, ધારાસભ્યશ્રી મહેન્દ્રસિંહ વાઘેલા, ફિલ્મ અભિનેતા અને અભિનય સમ્રાટ તેમજ પૂર્વ ઉપાધ્યક્ષ અને પૂર્વ મંત્રી શ્રી ઉપેન્દ્ર ત્રિવેદી, કચ્ચના ભામાશા ગણાતા દામજીભાઈ એંકરવાલા, ઉપરાંત સુભાષ પટેલ, છગનભાઈ પટેલ, મુકન્દ શાહ, મલય ઝવેરી, ધીરૂભાઈ કાપડિયા, જાણીતા આર્કિટેક જયેન્દ્ર ભટ્ટ, અમદાવાદના પૂર્વ ડે. મ્યુનિ. કમિશનર પ્રદીપ રૂવાલા, ગાંધીનગર જિલ્લા પંચાયત બાંધકામ સમિતના પૂર્વ ચેરમેન અજીતસિંહ રાઠોડ, ડૉ. પરમાર સહિતના અનેક મહાનુભાવોની ઉપસ્થિતિમાં આ ટ્રસ્ટના શ્રી રમેશભાઈ દંડનું સન્માન કરાયું અને કેન્દ્રના વિચારબિન્દુના વિસ્તાર માટે અનોખું ચિંતન થયું.

સમારંભના અધ્યક્ષસ્થાનેથી બોલતાં શ્રી ઈન્દિરાબેન સુરેશભાઈ મહેતાએ સાચું કહ્યું કે મહિલા વિકાસ એ કઠિન પડકાર છે પણ જયા-વિજયા કેન્દ્ર એ આ પડકારને જે સાહજિકતાથી લઈ કચ્છી ખુમારીથી ઉપાડી લીધો છે તે એક નવી દિશા ચિંધે છે.

અભિનય સમ્રાટ ઉપેન્દ્ર ત્રિવેદીએ કહ્યું કે અહિં પ્રમની ભાષા એ જ જીવન લાલિત્યની માધુર્યતાને નિખારી છે. પ્રેમ અને હુંફ એ માનવના જીવનની સૌથી મોટી ભૂખ હોય છે આ કેન્દ્ર તે ખાલીપાને પૂરે છે.

કાર્યક્રમનું સંચાલન ભારતીબેન ગોરે કર્યું. આ પ્રસંગે અમદાવાદ-ગાંધીનગરના અને કચ્છના અગ્રણીઓએ હાજરી આપી પ્રસંગને વધુ ઉજવળતા આપી હતી.

પેટાચૂંટણી બાદ જૂનના બીજા સપ્તાહમાં પોલીસતંત્રમાં તોળાઈ રહેલા ધરખમ ફેરફારો

ગાંધીનગર, તા. ૨૪

પેટાચૂંટણીઓએ બાદ જૂન માસના બીજા સપ્તાહમાં પોલીસતંત્રમાં ધરખમ ફેરફારો માટેનો તખ્તો ગોઠવાઈ રહ્યો છે.

ગૃહ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યના પોલીસતંત્રમાં ઉચ્ચ પોલીસ અધિકારી સંવર્ગમાં તેમજ ડી.એસ.પી. અને ડી.વાય. એસ.પી.ના સંવર્ગમાં ઘણી જગ્યાઓ લાંબા સમયથી ખાલી પડી છે. આ જગ્યાઓ ભરવા માટે થોડા સમય અગાઉ ગૃહ વિભાગ દ્વારા પ્રક્રિયાઓ હાથ ધરવામાં આવી હતી જો કે વહીવટી કારણોસર બઢતી અને બદલીની પ્રક્રિયા વિલંબમાં પડી જવા પામી હતી. ગુજરાતમાં પેટા ચૂંટણીઓને કારણે પાંચ જિલ્લામાં ચૂંટણી આચારસંહીતા અમલી છે. આથી આ જિલ્લાઓમાં હાલ કર્મચારીઓ અધિકારીઓની બદલી કરી શકાય તેમ નથી.

આગામી ૨જૂ જૂનના રોજ પેટા ચૂંટણીઓ પૂર્ણ થાય છે. આથી જૂનના બીજા સપ્તાહમાં પોલીસતંત્રમાં ધરખમ ફેરફારોનો તખ્તો ગોઠવાઈ રહ્યો છે. એડીશન ડી.જી.પી. કક્ષાની બે જગ્યાઓ ખાલી છે. આઈ.જી. કક્ષાની ત્રણ થી ચાર જગ્યાઓ ખાલી છે તેમજ ડી.આઈ.જી. કક્ષાની પાંચ જગ્યાઓ ખાલી છે. આ જગ્યાઓ બઢતીથી ભરવા માટેની પ્રક્રિયા અંતિમ તબક્કામાં છે અને જૂનના બીજા સપ્તાહમાં ઉચ્ચ પોલીસ અધિકારીઓને બઢતી સાથે બદલીઓનો દોર શરૂ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

આ ઉપરાંત ડી.વાય.એસ.પી. કક્ષાની પણ ૨૦ થી વધુ જગ્યાઓ ખાલી છે. આ જગ્યાઓ બઢતીથી ભરવા માટે પી.આઈ. કક્ષાના અધિકારીઓને બઢતી આપવા માટે ડીપાર્ટમેન્ટલ પ્રમોશન કમીટીની બેઠક આગામી ટૂંક સમયમાં મળનાર હોવાનું જાણવા મળે છે.

આ ઉપરાંત તાજેતરમાં જ કેન્દ્ર સરકારે ૨૦૧૧ની બેચના સાત જેટલા આઈ.પી.એસ. અધિકારીઓને ગુજરાત કેડરમાં નીમણુંક આપી છે. આથી અધિકારીઓને પણ રેગ્યુલર નિમણુંક આપવા માટેની પ્રક્રિયા ગૃહ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવનાર છે.

છેલ્લા કેટલાક સમયથી પી.એસ.આઈ. સંવર્ગના અધિકારીઓને પી.આઈ. સંવર્ગમાં બઢતી આપવાની પ્રક્રિયા પણ વિલંબમાં પડવા પામી છે. આથી આ અધિકારીઓને પણ બઢતી આપવા માટેનો તખ્તો ગોઠવાઈ રહ્યો હોવાનું જાણવા મળે છે.

રાજયના કેટલાક મોટા શહેરોમાં ગુનાખોરીનું પ્રમાણ વધવા પામ્યું છે. આથી આ બાબતને ધ્યાંને રાખીને ગુનાખોરી રોકવા અને કાયદો અને વ્યવસ્થાને વધુ સુદૃઢ બનાવવા માટે પોલીસતંત્રમાં ધરખમ ફેરફારો કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

રાજીનામુ મંજુર

● અનુસંધાન પહેલાનું ચાલુ

કમિશનરશ્રીની કચેરી દ્વારા હાથ ધરવામાં આવે તેવી શક્યતાઓ છે.

આમ કાનૂની જોગવાઈઓને લક્ષમાં લેતાં ચોમાસાના આરંભે જિલ્લા પંચાયતના નવા પ્રમુખની ચૂંટણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવે તેવી શક્યતાઓ છે.

પ્રમુખ તરીકે શ્રીમતિ મંગીબેન પટેલનું રાજીનામુ વિધિવત્ મંજૂર થતાં આ પદ માટેના દાવેદારોએ પણ તેમનું લોબિંગ કરવા માટેની રણનીતિને આખરી ઓપ આપવાની કવાયત હાથ ધરી છે. આ માટે ગ્રૂપ બેઠકોથી લઈ ડિનર ડિપ્લોમસી સુધીની રણનીતિ હોવાનું રાજકીય વર્તુળોમાંથી જાણવા મળેલ છે.

કોંગ્રેસ પક્ષના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ નવા પ્રમુખની પસંદગી અંગેની કવાયત પ્રદેશ નેતાગીરીના માર્ગદર્શન મુજબ પક્ષના ચૂંટાયેલા સભ્યોને સાથે રાખી તેમના મન જાણીને કરવામાં આવશે. હાલ આ અંગે કોઈ જ કવાયત કે કાર્યવાહી ચાલી રહી નહિ હોવાનું પણ પક્ષના સૂત્રોએ જણાવ્યું છે.

જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે શ્રીમતિ મંગીબેન પટેલની પસંદગી ૨॥ વર્ષ માટે કરવામાં આવી હતી અને તેમની મુદત પૂરી થતાં તેમને સ્વેચ્છિક રીતે હોદ્દા પરથી રાજીનામુ ધરી દીધુ છે તેમ પક્ષના સૂત્રોએ જણાવ્યું છે.

પોલીસને કડક સૂચના

● અનુસંધાન પહેલાનું ચાલુ

અમલ કરવા આદેશ આપ્યો છે. રાજ્યમાં તમામ જિલ્લા-શહેરના પોલીસ સ્ટેશન ખાતે તાત્કાલિક અસરથી બુટલેગર-બુકીઓનું લીસ્ટ તૈયાર કરવાનં અને સમયાંતરે અપડેટ કરવું. આવી બુટલેગર-બુકીઓ-જુગારીઓની યાદીમાં સમાવેસ થયેલ હોય તે પૈકી જે ઈસમો સામે અવારનવાર ગુનાઓ નોંધાયા હોય અને ધરપકડ કરવામાં આવતી હોય તેવા ઈસમો સામે જરૂર જણાયે પાસા હેઠળ કાર્યવાહી કરવની શક્યતાઓ તપાસીને યોગ્ય પગલા લેવા કાર્યવાહી કરવી. અધીક મુખ્ય સચિવ તરફથી યોજવામાં આવતી વીડિયો કોન્ફરન્સમાં આ બાબતે થયેલી પ્રગતિની વિગોત રજુ કરવાની રહેશે.

નિલમબેન કામદારનું અવસાન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પણ તેઓ સક્રિય સભ્ય હતા. નગરના મહિલા વિકાસ અને કલ્યાણના કાર્યક્રમોમાં તેમની ભૂમિકા હંમેશા સકારાત્મક રહી છે. ગાંધીનગરમાં છેલ્લા બે દાયકાથી કાર્યરત નારી સરંક્ષણ કેન્દ્રમાં તેમના વડપણ હેઠળ મહિલાઓની સમસ્યાઓ ઉકેલવામાં તેઓ સક્રિય ભૂમિકા અદા કરતા હતા.

નિલમબેન કામદાર ગુજરાત રાજ્યના પૂર્વ બાંધકામ સચિવ સ્વ. વી.પી. કામદારના ધર્મપત્નિ હતા. એક સ્વાતંત્ર્ય સેનાનીના પરિવારના સંસ્કારોમાં તેઓનો ઉછેર થયો હતો. ગાંધી વિચારધારામાં તેઓ અખૂટ શ્રદ્ધા ધરાવતા હતા. નીલમબેન તેમની પાછળ ત્રણ દિકરીઓ અનિતાબેન કુંબાણી, પ્રિતીબેન દેસાઈ અને આરતીબેન શાહને વિલાપ કરતી મુકી ગયા છે.

અલ્ટ્રાટેક સિમેન્ટ
એંજિનિયરની પસંદગી
FAIR MATE Water Proofing Solution
VIRAT TMT BARS
UTKARSH TMT BARS
સાથ, સહકાર અને વિશ્વાસ
સ્ટોકિસ્ટ :-
શ્રી પેશ્વી ટ્રેડર્સ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
(O) : 23226929 M. 98251 36929, 99250 39672, 99250 33729